સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

ચાલુ-'સીંગ સાહેબ-ધ ગ્રેટ' મૌન ધરી બેઠા છે!
ને ભાવિ, 'ગૌરી તેને પ્યાર મે' મૌન ધરી પેઠા છે!
ચાલે કોઠા-કબાલા, પ્રજા પૈસે-સુરક્ષાના ભોગે -
દીઠા કહ્યાગરા ખાખી, કાયદાના હાથ હેઠા છે..
(યોગાનુયોગ - નવી ફિલ્મોના ટાઇટલ!)

હાઇકુ

પાંગર્યો પ્રેમ!
ને સફેદ રણમાં -
ખિલ્યું ગુલાબ..!

કુછ દિન તો
ભૈ ગુજારો કચ્છમે -
માણો સૌંદર્ય..

(કચ્છ ઉત્સવ શરૂ) (કચ્છમેં દેખા, ઐસા ક્યાંય નહીં દેખા)

ચિંતન

વાચઃ શૌચં ચ મનસઃ શૌચમિન્દ્રિય નિગ્રહઃ ।
સર્વભૂતે દ્યા શૌચં એતચ્છૌત્રં પરાર્થિનામ્ ॥

ચાણક્ય નીતિ શાસ્ત્રોનો આ શ્લોક છે :

'વાણીની પવિત્રતા, (અર્થાત સત્ય અને વિવેકનો રણકો હોય) મનની શુદ્ધિ (અર્થાત સદ્‌ભાવ અને કલ્યાણીની નિઃસ્વાર્થ ભાવના હોય) ઇન્દ્રિયો પર આત્મા અને મનનો સંપૂર્ણ કાબૂ સાથેનો સંયમ હોય પ્રાણીમાત્ર પર પ્રેમ-દયા ભાવ હોય, ધનની પવિત્રતા (અર્થાત પરિશ્રમની અને ન્યાય-નીતિથી પ્રાપ્ત લક્ષ્મી હોય) આવા જનોમાં જે મોક્ષ પ્રાપ્તિનો પ્રાદુર્ભાવ થાય છે અર્થાત મોક્ષપ્રાપ્તિના આ લક્ષણો છે.'

'ધર્મ'ની સમજ, પાલન અટપટું છે, સંતો-ભક્તો ગાદીપતિઓ, ગુરૂજનો એ પોતપોતાની રીતે ભક્તોને સાચો રસ્તો બતાવવા નિયમો-સંપ્રદાયો-ગ્રંથોની રચના કરી, નિયમ-સંયમમાં રાખવા મર્યાદાઓ બાંધી પોષાક-આચરણના નિયમો-બનાવ્યા - એ બધું ખોટું તો નથી પણ ભોળો ભગત એ રસ્તામાં આવતી અનેક લાલચો અને નિયમોને સમજ્યા વિના એમાં સફાઇ બંધાઇ જાય છે. દા.ત. અપવાસથી શારીરિક શુદ્ધિ થાય અને એ દ્વારા સાધના-ચિંતન-મનન-ધ્યાન કરવું સરળ બને. પણ આપણે તો 'અપવાસ'થી જ ભગવાન મળવાના હોય તેમ પચ્ચીસ-ત્રીસ અપવાસ કરી પારણાં-ફોટામાં ફસાઇ જઇએ છીએ.

વિનય વિવેકી શુદ્ધ વાણી, સદાચાર, પ્રાણીમાત્ર પ્રત્યે દયાભાવ, નીતિ-નિયમ-સંયમ-પરિશ્રમથી જ મુક્તિ મળે છે.

સુવિચાર

- જીવવું સરળ છે, પ્રેમ કરવો સરળ છે, હસવું સરળ છે, જીતવું સરળ છે, મુશ્કેલ તો છે માત્ર સરળ બનવું - **શાહબુદ્દીન રાઠોડ**
- હસતાં રહેવાથી મોટી વાત એક જ છે, જીવતા રહેવું! - **એસ.ભટ્ટાચાર્ય**
- સંઘર્ષ, આ ત્રણ અક્ષરો તેમને થકવી દેશે પણ એજ, ચાર અક્ષરનું વળતર આપશે. જેને આપણે 'સફળતા' નામ આપીએ - **જનકલ્યાણ**
- રહસ્યોના પડદાઓ ફાડી તો જો? ખુદા છે કે નહીં, હાંક મારી મારી તો જો? - **જલન માતરી**
- જીંદગી આપણને શિખવાડે છે કે મૃત્યુ પર કોઇની લગામ નથી - **જ્ઞાન સૂત્ર**
- શું તાકાત હોય છે સુતરના તાંતણામાં, સમજાવ્યું છે મને દરેક રક્ષાબંધને- **પન્નાલાલ પટેલ**
- દુનિયાને તરંગી કે પાગલ લોકો ચલાવે છે, ડાહ્યા અને ઠરેલ લોકો માત્ર એ માર્ગે ચાલવાનું જ કામ કરે છે - **રજનીશ**

- (સંકલન : દિપક વી. આસરા)

બોધ કથા

આપણે સંસાર-વ્યવહારમાં લોકોનાં હૃદય, સ્વભાવ અને આંતરિક ગુણ નથી જોતા, પણ બાહ્ય દેખાવ ઠાઠમાઠ, દંભ, સત્તા, પદ ખોટી-આડી આવક જોઇએ છીએ, લગ્ન-મૈત્રી, સંબંધો, માન-સન્માન માટે આપણો આવો જ માપદંડ હોય છે.

એક ફકીર-ઓલિયો પોતાની મસ્તીમાં ફાટેલાં-મેલાં-ઘેલાં વસ્ત્રો પહેલી એક ધનિકના ઘેર ભિક્ષાની અપેક્ષાએ ગયો. બારણાં ખૂલ્લા હતા છેક દિવાનખંડ સુધી પેસી ગયો.

ધનિકનું ધ્યાન ગયું. નોકર-ચાકરોને બૂમ પાડી બોલાવ્યા અને ફકીરને ધક્કામારી - હાથ પકડી દરવાજા બહાર કાઢ્યો.

બીજે દિવસે એ જ ફકીર રેશમી સુંદર પહેરવેશ અને મોરનાં પીંછાની ચામર લઇ, અત્તરની છાંટ સાથે એ જ ધનિકના દિવાનખાના સુધી પાછો પહોંચી ગયો. શેઠે એને જોઇ ઓળખી તો ન શક્યો પણ ભાવવિભોર થઇ પગે પડ્યો અને ભોજન સમયે જ આવ્યા છો તો ભોજન લેવા વિનંતી કરી.

ફકીર સંમત થયા. પાટલા પથરાયા અને ચાંદીની થાળીમાં સાત પ્રકારની વાનગી સાથે મિષ્ટાન પણ પીરસાયું. ફકીર હવે પાટલા પર ઊભો થયો અને પોતાનો રેશમી ઝભ્ભો ઉતારી પાટલા પર રાખી ચાલતી પકડી. ઝભ્ભા નીચે તો એણે ગઇકાલ વાળાં એજ મેલાંઘેલાં ફાટેલાં વસ્ત્રો જ પહેર્યાં હતા.

શેઠ હવે ફકીરને ઓળખી ગયા. પોતાની ભૂલ સમજાઇ ગઇ - અને ફકીરને ભોજન લઇને જ જવાની વિનંતી કરી...

Email - sureshchandrabhatt18@gmail.com

શિલ્પા સુવાનો પ્રયત્ન કરતી પથારીમાં પડી પણ આખી રાત પડખાં બદલે રાખ્યા, ભૂતકાળ જાણે ચલચિત્રની જેમ તેની સામે દેખાતો હતો

નવાં ક્લેવર

- નટવર હેડાઉ

'અનુ કેવું છે? અરે! આ તારાં બાળકો છે. હાઉ પ્રિટી!'

'ફાઇન, સોનું, દીપું આંટીને નમસ્તે કરો.'

'મોર્નિંગ આંટી,' 'નમસ્તે આંટી' બંને બાળકો એ કહ્યું.

'નમસ્તે... નમસ્તે! મોનિંગ, વેરી ગુડ મોર્નિંગ!'

શિલ્પા બંને બાળકોની પપ્પી લઇને ગાલ થપથપાવે છે.,

'ઉંહ આંટી આવું શું કરો છો. અમારા ગાલ...' કહેતાં સોનું રડવા જેવી થઇ જઇ.

તેની આ વાતે બંને બહેનપણીઓ જોરથી હસી પડી. છોકરી સહેજ ભોંઠી પડી પછી શરમાઇને અંદર જતી રહી.

સાથે ભણતી બંને બહેનપણીઓ આજે એક લાંબા અરસા પછી મળી રહી હતી. તેથી ખુભ ખુશ હતી.

'જીજાજી નથી આવ્યાં?'

'ઓહ! એમને પોતાના કામમાંથી નવરાશ જ ક્યાં મળે છે. એમને તો બસ કામ કામ અને કામ.'

સામાન્ય ઔપચારિક વાતચીત પછી બંને બેસીને વાતે વળગી એટલે વાતચીત પછી બંને બેસીને વાતે વળગી એટલે અંતરંગ વાતો ચાલી, થોડી સુખ દુઃખની અને આપવીતી - જગવીતીની વચ્ચે ખાવાપીવા, હસી મજાક અને આનંદ પ્રમોદમાં બંને સખીઓ ખોવાઇ ગયેલી પણ વાત વાતમાં નારી સહજ સ્વભાવને કારણે અનુષ્કાએ પૂછ્યું, 'શિલ્પા, તેં હજુ સુધી લગ્ન નથી કર્યા?'

શિલ્પાની આ દુખતી રગ હતી. તેણે જરા ફિક્કું હસતાં કહ્યું, શું થાય મારે જોઇતો હતો એવો કોઇ છોકરો જ ન મળ્યો. ક્યારેક છોકરો મને ન ગમતો તો ક્યારેક હું છોકરાને ન ગમતી. ખેર! હવે મેં તો લગ્નનો વિચાર જ માંડી વાળ્યો છે. શું જરૂર છે? બધું ખુબ સરસ ચાલે છે. સારૂં કમાઉં છું. મનેથી રહું છું. ન કોઇની સાડાબારી, આપણી મરજીથી સુવું ને આપણી મરજીથી જાગવું, અડધી તો ગઇ, હવે બાકીની પણ જતી રહેશે.

અનુષ્કાને શું ખબર કે શિલ્પાને કેવા કેવા અનુભવો થયા છે. તેણે કેટલું સહન કર્યું છે તે એટલે સુધી કે તેને હવે પુરૂષજાતથી નફરત થઇ ગઇ છે. તે હવે આ બધા પ્રશ્નો અને પ્રસંગોના શું જવાબ આપે? તેને પેલું ગીત યાદ આવ્યું, 'દુનિયા કરે સવાલ તો હમ ક્યાં જવાબ દે.'

રાતે શિલ્પા સુવાનો પ્રયત્ન કરતી પથારીમાં પડી પણ આખી રાત પડખાં બદલે રાખ્યા, ભૂતકાળ જાણે ચલચિત્રની જેમ તેની સામે દેખાતો હતો.

તે ખુબ નાની હતી. તેમનું મકાન એવા મહોલ્લામાં હતું. જ્યાં શેરીમાં કે મેદાનમાં રમતાં છોકરાઓ અને પુરૂષોના મોંમાંથી કોઇને કોઇની મા-બહેન અંગેના આડા સંબંધોની વાતો બેરોક્ટોક સાંભળવા મળતી. જરાક કંઇ બોલવાનું થાય તેમાં અહીં પુરૂષો જ નહીં સ્ત્રીઓ વચ્ચે પણ નિમ્ન કક્ષાની ભાષામાં અશ્લીલ ગાળા-ગાળી થતી. સાધારણ બોલચાલની ભાષામાં પણ તેમનું કોઇ વાક્ય ગાળ વિના પુરૂં ન થયું. ગાળો તેમની જીભમાં આવ્યા વિના રહેતી નહીં. આ બધાં અવાજો તેના મકાનમાં સંભળાતાં.

ક્યારેક કોઇ સગીર વયનો છોકરો તેના જેટલી જ ઉંમરની છોકરી સાથે એકાંતમાં નગ્ન પકડાયો તો ક્યારેક કોઇ મોટો છોકરો નાની બાળકી સાથે અશ્લીલ હરકત કરતા કરતાં અને ક્યારેક તો ત્યાં સુધી કે કોઇ છોકરો જ બીજા છોકરા સાથે....

મહોલ્લામાં અમુક ઘર એવાં હતાં કે જ્યાં અંધારી રાતે કે સુમાસામ બપોરના કોઇ પુરૂષ પોતાના પાડોશીનાં ધાબા પર કુદી જતાં કે પાછળની દિવાલ કુદતાં નજરે પડતો. પછી રોકક્ળ તોફાન ઝઘડા અને સામસામે ગાળાગાળી ચાલતી.

છેવટે કંટાળીને તેમણે એ મહોલ્લો છોડી દીધો. તો સયમ દરમિયાન એ બાળકીમાંથી કિશોરી બની ગઇ હતી. ભદ્ર મહોલ્લોના રંગ-ઢંગ પણ કંઇ વધુ સારા ન હતા. અલબત્ત ત્યાં નારીની અસ્મત અને અસ્મિતા પર હુમલા કરવાની રીત રસમો અને એમ કહો કે પદ્ધતિ જુદી જરૂર હતી.

રસ્તા - બજાર કે શેરી-મહોલ્લા, ચાર રસ્તા, મોલ કે હોટલો, મલ્ટીપ્લેક્સ, સિનેમાઘરો, બસો બધી જગ્યાએ લફંગા અને બગડેલા દિલફેંક રઇશજાદાઓ છોકરીઓ અને સ્ત્રીઓની છેડછાડ કરે છે. તેમનાં કપડાં ખેંચવાં, મોકો મળે તો સ્પર્શ કે અંગ પ્રદર્શનની કોશિશ અથવા હવામાં ચુંબન ફેંકવા અશ્લીલ ઇશારા કે હલકાં પ્રકારની મજાક, આંખ મારવી, બાઇક લઇને પીછો કરવો એવી બધી હરકતો સામાન્ય છે.

તેને પોતાના બાળપણની એ ઘટના હજુ પણ બરાબર યાદ છે તેની બહુ જ સારી સ્કુલમાં તેના એક સિનિયરે જે સારા ઘરનો હતો. ફોસલાવીને એકાંત ઓરડામાં લઇ જઇ તેને ફોસલાવીને જબરજસ્તી તેનાં અંતઃવસ્ત્રો ખેંચી નાંખેલાં ત્યારે બીજા છોકરીઓએ જોઇ જતાં ટીચરને કહી દીધેલું. ટીચરે એ છોકરાને ધમકાવીને કાઢી મુકેલો અને વાતને ત્યાં જ દબાવી દેવામાં આવેલી. ત્યારે તેને ખુબ અપમાન અને શરમ અનુભવવી પડેલી.

કહેવાતા એ ભદ્ર મહોલ્લામાં પણ છોકરાઓ છોકરીઓને તાકી રહેતા. તેમની નજર છાતી પર પડતાં જ તેના શરીરમાં ધ્રુજારી આવી જતી. પુરૂષોની ભૂખી-લોલુપ નજર જોઇ વાતાવરણમાં જાણે કે અનેક ભૂખ્યાં વરૂઓની આંખો તેની સામે મંડાઇ હોય તેવી પ્રતીતિ થતી. ખૂની-ભૂખી આંખો લપલપતી ચાલચું જીભમાંથી ટપકતી લાળ, ખુની પંજાથી એ ડરી જતી અને પોતાને તેમની વચ્ચે ઘેરાયેલી જોતી.

ભાઇના મિત્રોમાંથી આર્જવ તેના ઘેર વધુ આવતો. અનુભવી બહેનપણીઓએ તેને કહેલું કે જે ઘરમાં યુવાન છોકરી હોય ત્યાં છોકરાઓ કોઇ પણ બહાને આવજા કરતાં હોય છે. આર્જવ ભાઇનો બેસ્ટ ફ્રેન્ડ હતો. ઘરમાં બધાં કહેતાં કે બહુ સીધો છોકરો છે. નજર નીંચી રાખીને જ આવે છે. પોતાના વર્તનથી તેણે ઘરનાં સૌના દિલ જીતી લીધાં હતા. ઘરમાં ક્યારે તે પોતીકો બની ગયો તેની કોઇને ખબર જ ન પડી. બધા તેનાં વખાણ કરતાં થાકતાં ન હતાં.

એક દિવસ તેણે મમ્મીને કહ્યું, 'માસી કોઇ બહેન નથી, તેથી હું શીલ્પાને મારી બહેન બનાવવા માંગુ છું.'

'બેટા, શિલ્પા તારી બહેન જ છે.'

રક્ષાબંધનને દિવસે શિલ્પા પાસે રાખડી બંધાવી આર્જવે તેને પાંચસો રૂપિયા આપ્યા અને પોતાની સાથે પિક્ચર જોવા આવવા કહ્યું.

તે દિવસે ભાઇ તેના બીજા મિત્રો સાથો ક્રિકેટ રમવા ગયો હતો. મમ્મી પણ કોઇ કારણસર સાથે આવી શકેલ નહીં.

બોક્સની બે ટીકીટો લીધી. હોલમાં બેઠાં અને અંધારૂં થયું એટલે તે તેના સાથળ પર હાથ ફેરવવા લાગ્યો. તેણે ઝાટકા સાથે હાથને હટાવી લીધો. તેને લાગ્યું કે તેની બાજુમાં એક ખુંખાર - ખુની વરૂ ઘસી આવ્યો છે. ધૃણાથી એ કમકમી ગઇ. પાછા ફરતાં એકાંત સ્થળે તેણે તેના પર બળાત્કાર કર્યો પાછળથી એકદમ પકડી લઇ તેનાં પર ધસી આવતાં તેના નિતંબ, ગાલ અને ઉરોજોને ખુબ ખરાબ રીતે મસલી નાંખેલાં. દુઃખ પીડાં અને ગ્લાનિ સાથે લાચારીમાં તેનાં આંસુ વહેવા લાગ્યાં તે ફફડી ઊઠી. ત્યારે વાતાવરણમાં જાણે કે ગીધો ઉપર ચક્કર મારી રહ્યાં હતા.

ઘરની નજીક પહોંચતા જ આર્જવે ધીમે રહીને કહ્યું, 'મને માફ કરી દેજે. કોઇને કહેતી નહીં.' ક્યારેક સેવાનો મોકો આપજે. તારા એક ઇશારે હાજર થઇ જઇશ.

શિલ્પા એ આગ ઝરતી આંખે તેની સામે જોતાં બસ એટલું જ કહેલું, 'સાલા નીચ કૂતરા જા અહીંથી, ફરી આ તરફ આવ્યો છે તો મારા જેવી ખરાબ કોઇ નહીં હોય.'

તેનો ગુસ્સો જોઇને એ એટલો ગભરાઇ ગયેલો કે તે પછી ક્યારેક તેને પાછું વાળી તેની તરફ જોયું નથી. ભાઇને ક્યારેક મળી જાય તો ઘેર ન આવવા માટે કંઇ ને કંઇ બહાના કાઢતો. આજે કોણ જાણે કેમ તેને નિંદર આવતી ન હતી. એક પછી એક દૃશ્યો તેના સ્મૃતિભટ પર ઉભરાંતા હતાં. તે ફરી ભૂતકાળમાં ખોવાઇ ગઇ.

દૂરના સંબંધે તેની એક ફઇનો દીકરો જ્યારે એક્ષ્ટર્નલ બી.એ.ની એકઝામ આપવા આવેલો ત્યારે એ તેમના ઘરે જ રોકાયેલો.

તેણે તે અનુભવ્યું કે તે એને કંઇક જુદી જ રીતે ભૂખી નજરે તેની તરફ જુએ છે. પ્રકૃતિદત્ત અંતદૃષ્ટિ સ્ત્રીને મળેલી છે. જેનાથી તે પુરૂષને માપી લે છે.

એક દિવસની વાત છે. તે પેશાબની હાજતે બાથરૂમમાં હતી. અચાનક તેની નજર પડી. બે આંખો તેને તિરાડમાંથી તાક્તા જોઇ. પછી એજ આંખોને તેણે જ્યારે તે બાથરૂમમાં ન હતી ત્યારે ગેલેરીમાંથી ઝાંકતા જોઇ. એક દિવસ તેને 'ઇનર-વિયર' સાથે કંઇક હરકત કરતાં પણ જોઇ. તે સમસમીને રહી જતી.

ત્યાં એક દિવસ તાંક-ઝાંક કરતાં એ ભાઇ દ્વારા પકડાઇ ગયો. તેણે ઘણી બહાનાબાજી કરી ખોટા સમ ખાધા. પણ ભાઇએ તેને કાઢી મૂક્યો.

(ક્રમશઃ)

બ્લેક ઇઝ બ્યુટીફુલ...!! કાળી એટલે કામણગારી કન્યા...!!

લગ્ન માટે કન્યા ગોરી અને રૂપાળી જોઇએ એવું લગ્નવિષયક જાહેરાતમાં સ્પષ્ટ લખેલું હોય છે, ભણેલી-ગણેલી યુવતીઓ પોતે કાળી હોવાથી ઝૂર્યા કરે છે, એમના પર હાવી છે કાળા રંગનો કોમ્પલેક્ષ

Hello ફ્રેન્ડસ!

-સંજય થોરાત
hellogandhinagar@gmail.com



લગ્નની મૌસમ પુરબહારમાં જામી છે. લગ્નનાં બજારમાં ગોરા રંગની ડિમાન્ડ સદાબહાર છે. પણ કાળો રંગ સુંદર નથી હોતો એવું કોણે નક્કી કર્યું?

લગ્નનો નજારો જોરદાર છે. ખર્ચો પણ પુષ્કળ કર્યો છે. સાઝ-શણગારમાં કશી કમી નથી. જમણવારમાં સંપૂર્ણ ભારત કા ઝાયકા હાજર છે. પણ છોકરી છે ને કાળી છે, એનો કલર એટલે છત્રીનું કાપડ, પાક્કો કલર, ગેરંટી છે નહીં ઉતરે એની, કલર જાય તો પૈસા પાછા. રૂપિયાવાળા છે ને એટલે સારો મુરતીયો મળ્યો બાકી આ મહાદેવે પૂજીને શિવલિંગ જેવો રંગ ધરાતવી કન્યાને વળી કોણ છોકરો આપે...!! આવાં વાકયો લગ્નનાં જો માંડવે બેઠેલી કન્યા જો કાળી હોય તો સાંભળવા મળે છે. ભારત દેશની ૯૦ ટકા જનતા કાળી કે શ્યામવર્ણી છે એ જ દેશમાં કાળી કામણગારી કન્યાઓની એનર્જી કેમ છે??

જો એવું ન જ હોત તો યુવતીઓ માટે 'ગોરી -ગોરી' કરવાની સેંકડો જાહેરાતો ટીવી પર ચમકતી ના હોત. કરીનાથી કરિશ્મા ને પ્રિયંકાથી દિપીકા બધીઓ જાતની જાતની ક્રિમ, લોશન લઇને સૌને ગોરા બનાવવાનાં સ્વપ્ના બતાવવાં બનીઠનીને આવી જાય છે. પાંચ-પચ્ચીસ વાળી ક્રિમમાં ૭ અઠવાડિયામાં ગોરી થવાય એવી જાહેરાતોથી ધંધે લાગેલી કેટલીયે કન્યાઓ ૭ વર્ષ સુધી મચી પડે તોય ક્રિમ કાળી પડી જાય પણ સ્કીન તો ત્યાંની ત્યાં જ રહે છે!! અત્યાર સુધી ગોરી ત્વચાનાં નામે છોકરીઓ જ ધૂતાતી પણ હવે તો યુવાનોને રૂપાળી બનાવતી ફેરનેસ ક્રિમની ડિમાન્ડ પણ જોરમાં છે!!

એટલે અત્યાર સુધી માત્ર 'રૂપાળી છોકરી જ જોઇએ.' એવો આગ્રહ હતો. હવે છોકરાઓની કર્તબગીરી નહીં પણ એમનો રંગ મહત્ત્વનો ઠરશે? છોકરાઓનો રંગના જોવાય એના ગુણ જોવાય એનો કન્સેપ્ટ કાર ખાઇ રહ્યો છે, છોકરીઓ પણ હવે છોકરાઓની બાબમતાં ગોરી ત્વચાને મહત્ત્વ આપતી થઇ એવો માહોલ જામ્યો છે.

છોકરીઓની બાબતમાં તો 'વિકો ટર્મરીક, નહીં કોસમેટીક'ની ફિલ્મમાં બતાવતી જાહેરાતથી આજ સુધી ગોરા રંગનું ભયંકર એટ્રેક્શન રહેલું છે. એનો નમૂનો જોવો હોય તો કોઇ પણ વર્તમાનપત્રમાં છપાયેલી અથવા ઑનલાઇન આધુનિક રૂપાળી અને ગોરી જોઇએ' સુંદરતા અને ગોરા રંગનો સાચ્ચે જ સંબંધ હોય છે? તમારી આજુબાજુની કેટલીય ગોરી ત્વચા ધરાવતી છોકરીઓનાં ફિચર્સ જોશો તો જવાબ અપેક્ષા વિરૂદ્ધનો આવશે. પણ ગોરા રંગનું ઑબસેશન આજેય એટલું જ છે. ભણેલી-ગણેલી યુવાન કન્યા અન છોકરાઓ પણ પોતે કાળા હોવાથી ઝૂર્યા કરે છે. આમના પર કાળા રંગનો કોમ્પલેક્ષ હાવી છે!!

લગ્નનાં ઉંમરે ઉભેલી કન્યાના મા-બાપ પોતે જ એના બાયોડેટામાં એક શેડ એને વધુ ઉજળી બનાવી દે છે. કાળો રંગ હશે તો શ્યામવર્ણી, શ્યામવર્ણી હશે તો ઘઉંવર્ણી, ઘઉંવર્ણી હશે તો ગોરી લખશે અને જો ગોરી હશે તો અત્યંત દેખાવડી એવું ભારપૂર્વક લખશે. અને એથીય ખરાબ એટલે અનેક યુવક યુવતીઓને કાળા-શ્યામવર્ણી રંગનો અફસોસ હોય છે. આપણે રૂપાળા - ગોરા નથી એટલે તેઓ ઝૂર્યા કરે છે, ભીંતરથી મુરઝાયા કરે છે. પોતાનો આત્મવિશ્વાસ ખોઇ બેસે છે. પોત ડાર્ક કલરનાં હોવાથી બીજા આપણને ભાવ આપતાં નથી એનો એમનો મત છે!!

આવો ખાલીપો કે સરખામણી સાથે જીવતાં યુવક-યુવતીઓ એક વાત સમજી લે કે તમે સુંદર છો. સુંદર દેખાવામાં અને ગોરા રંગ સાથે કોઇ સંબંધ નથી. કાળો-શ્યામવર્ણી-ઘઉંવર્ણી-ક્રિમ-છીંકણી આ ભધાં ત્વચાના રંગ સુંદર જ છે. નંદિતા દાસ જેવી હીરોઇન કે જે એના અભિનયથી અલગ તરીકે આવે છે એણે 'ડાર્ક ઇઝ બ્યુટીફુલ' કેમ્પેઇન ચલાવે છે અને એની એ બ્રાન્ડ એમ્બેસેડર છે. આપણે ગોરા નથી તો નથી. એમાં ખરાબ લગાડવા જેવું શું છે? જસ્ટ સ્ટે અનફેઅર, સ્ટે બ્યુટીફુલ, સિમ્પલ, યાર...!!

'ગોરે રંગ કા જમાના, કભી હોગા ના પુરાના' એ ગીત ગુનગુનાવતાં ગોરા લોકોનું મહત્તવ છે. એ સ્વીકારવું તો રહ્યું જ. ફૅશન, મનોરંજન, હોસ્પિટાલીટી, એર હોસ્ટેસ, નર્સ આ ક્ષેત્રમાં ગોરી છોકરીએ પ્રથમ પસંદગી આપવામાં આવે છે. રિસેપ્સનિસ્ટ તરીકે પણ અને સેક્રેટરી પણ ગોરી જ જોઇએ. કેટલાંયના ઘરોમાં ગોરી છોકરીના કાળી-શ્યામવર્ણી છોકરી કરતાં વધુ લાડ થાય છે. બ્લેક બ્યુટીને કાયમ ઓછી લેખવામાં આવે છે. સ્કૂલમાં કાર્યક્રમ હોય તો પરી બનાવવાં પણ ગોરી છોકરી કે અન્ય કાર્યક્રમમાં પણ ગોરી છોકરીઓ તરત ધ્યાને ચઢે છે, અને સ્થાન મેળવે છે...

લગ્ન અને કરિયરના પાથ પર કલર નડે છે એવું વિચારતી કન્યાઓ હતી, પણ આજે તો યુવાનો પર કાળા રંગનો કોમ્પલેક્ષ હાવી થઇ રહ્યો છે. યુવકો પણ પાર્લરનાં આંટા ફેરા કરે છે, ફેસિયલ કે બ્યુટી ટ્રીટમેન્ટ કરાવે છે અને ત્વચાનો કલર બદલાવવાનો પ્રયત્ન કરે છે. જ્યાં માત્ર હિરોઇનો યુવતીઓને રૂપાળી કરવાની જાહેરાતમાં ચમકતી હતી ત્યાં આજે શાહરૂખો કે શાહિદો પણ પાંચ-દસ રૂપિયાની ક્રિમનાં પેકેટમાં યુવકોને રૂપાળા બનાવવાનાં ધંધે લગાડી પોતાના ખિસ્સાં ભરવાનાં કામે લાગ્યાં છે. ત્વચાં મુલાયમ અને ગોરી દેખાય એવી ઢગલો પ્રોડક્ટ માર્કેટીંગના જોર પર ચાલી ગઇ છે!!

વાસ્તવિક વાત કરીએ તો આપણે કાંઇ ગોરા - કાળા રંગનાં ઝગડાની કે ભેદભાવની વાત નથી કરતાં પણ જેમ ગોરા-રૂપાળા રંગની મજા છે, ડિમાન્ડ છે એમ જ કાળો રંગ પણ બ્યુટીફૂલ છે. કાળી એટલે કામણગારી કન્યા એમજ થોડી કહેવાય છે? જેમ ગોરા રંગની ત્વચા સુંદર હોય છે એમજ કાળા રંગની પણ હોય છે, એમાં પોતાની જાતને નીચા આંકવાની કોઇ જરૂરત નથી. સૌંદર્ય એ ત્વચાની પેલી બાજુની વાત છે. કોઇ માત્ર ત્વચાના કલરને કારણે અજંપાભર્યું જીવતું હોય કે પોતાના હલકો સમજતાં હોય તો તો એ ખૂબ ખરાબ વાત છે. બ્લેક કલરનો એક મહિના છે. માત્ર કાળા-ગોરા રંગનાં મેચિંગ પર લગ્ન વ્યવસ્થા ગોઠવાઇ હોય તો ઢગલાબંધ કન્યાઓ કુંવારી ફરતી હોત ને?

ચૂંટલો :

કાળી-શ્યામવર્ણી ત્વચાને ફેઅર કરવાની જાહેરાતો અનેક છે પણ સૌંદર્યવાન કરવાની નથી, ગોરો કલર જેમ પ્રથમ પસંદગી છે એમ બ્યુટીફૂલ બ્લૅક પણ ડિમાન્ડમાં છે જ. કલરને બદલવામાં પ્રયત્ન કરતાં સૌંદર્ય નિખારીએ તો જોડી ઝટ જામે.

જીવનમાં સમય અને સમયમાં જીવન

ગુલમહોર

- દિનેશ દેસાઇ

મહામનીષી ગુજરાતી કવિ ઉમાશંકર જોશીનું જાણીતું કાવ્યગીત યાદ આવે : "ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા ને જંગલની કુંજ કુંજ જોવી'તી..." તમને પણ ક્યારેક એવું મન થઇ જાય ને કે આ રોજની જિંદગીથી દૂર દૂર કોઇ વનવગડાની વચ્ચે જઇ પહોંચીએ, ક્યાંક ઝરણાંની કોરે બેસીએ, ક્યાંક કોઇ ડુંગરની ઓથે બેસીએ કે પછી પહાડ-પર્વતની તળેટીમાં ઘુમી વળીએ. કોઇ "ડેડલાઇન" નહીં અને કોઇ "ટાઇમ લિમિટ" પણ નહીં. જાણે મુક્ત ગગનમાં ઉડાન. પણ આવું ક્યાંય સંભવ થતું નથી. કારણ? સમયનો અભાવ.

આજકાલ કોઇની પાસે સમય જ ક્યાં છે? પરંતુ વાસ્તવિકતા એ છે કે સમય રેતઘડીની રેત જેવો છે. એ સતત સરકતો જ રહે છે. સમય કોઇની પાસે ક્યારેય હોતો નથી કે સમય કોઇની પાસે ક્યારેય રોકાતો પણ નથી. એટલે જ સમય કોઇની પાસે હોતો નથી, સમય કાઢવાનો હોય છે, સમય કાઢવો પડે.

જીવનમાં સમય અને સમયમાં જીવન. જીવનમાં સમય હોય તો સમય એ જ જીવન છે. આપણે ઘણી વાર સાંભળીએ છીએ કે "સમય નથી." ખરેખર કોઇને કોઇના માટે સમય હોતો નથી, એવું જોવા મળે છે. મોટા થઇ ગયેલા દીકરાને વૃદ્ધ મા-બાપ માટે સમય નથી હોતો. કેરિઅરમાં બિઝી મા-બાપને ઘણી વાર પોતાના દીકરા કે દીકરી માટે સમય નથી હોતો. ભાઇને બહેન માટે કે બહેનને ભાઇ માટે તથા મિત્રને મિત્ર માટે સમય નથી હોતો.

ક્રિકેટની કેરિઅર સ્કૂલ-લાઇફથી સાથે શરુ કરનાર વિનોદ કામ્બલી કહે છે કે "છેલ્લા ૭ વર્ષથી સચિને મારી સાથે વાત પણ કરી નથી. અરે, ફોન પણ કર્યો નથી. એ મારો ફોન પણ ઊપાડતો નથી. કારણ કે એની પાસે ક્રિકેટ સિવાય સમય જ નહોતો પણ હવે એ નિવૃત્ત થયો છે, એટલે મને આશા છે કે એ હવે મારી પાસે પાછો ફરશે."

આપણે આપણાં સ્વજન અને મિત્રો પાસે પાછા ફરીશું? ના, જીવનનું ચક્ર - Life of Circle એવું છે કે બધું જાણે આપોઆપ રચાતું જાય છે. આપોઆપ પરિસ્થિતિઓ આકાર લેતી રહે છે. છતા આજે ૨૧મી સદીમાં સૌની એક જ ફરિયાદ હોય છે કે સમય નથી. સમય કોઇની પાસે હોતો જ નથી. સમય કાઢવો પડતો હોય છે. **Time is a big & priceless Assets.** સમય એક મોટી અને અમૂલ્ય મિલકત છે. સમયનું કોઇ મૂલ્ય ન હોઇ શકે. સમય વીતાવવો કે ખર્ચ કરવો યા સમયનો સારામાં સારો ઉપયોગ કરવો એ તમામ વિકલ્પો આપણા હાથમાં જ હોય છે.

એક સરસ મજાનો છતા સંવેદનશીલ શે'ર છે : "મારો સમય નથી અને તમને સમય નથી, કોણે કહ્યું કે આપણી વચ્ચે પ્રણય નથી." સમય સમયની બલિહારી હોય છે. એક ધર્મસ્થળ પાસે એક કાર આવીને ઉભી રહી. કારમાંથી એક માણસ નીચે ઉતર્યો ત્યારે તેણે જોયું કે એક નાનકડો છોકરો તેને અને કારને ધ્યાનથી જોતો હતો. એ બાળકને વહાલથી પેલા માણસે નજીક બોલાવ્યો અને તેને પોતાની કારમાં સફર પણ કરાવી. પેલા બાળકે પૂછ્યું કે "તમારી કાર ખુબ સરસ છે. બહુ મોંઘી હશે, કેમ?" પેલા માણસે હકારમાં માથું હલાવ્યું. બાળકે પ્રતિભાવમાં કહ્યું કે "તમે કેટલા સરસ સ્વભાવના છો." પેલા માણસે કહ્યું કે "તું એવું વિચારતો હોઇશ કે તને પણ આવી સરસ મજાની કાર મળે તો કેવું સારું." પેલા બાળકે બહુ સરસ જવાબ આપ્યો કે "ના, હું તમારી કાર જેવી કાર મળે એવો વિચાર કરતો નથી. હું તો તમારા જેવો બની શકું એવો સંકલ્પ કરી રહ્યો છું. કેમ કે તમારા જેવો સફળ વ્યક્તિ બનીશ તો કાર અને ઘણું બધું આપોઆપ મળી જ રહેશે." આ ઉંમરના બીજા બાળકો જેવું વિચારતા હોય એના કરતા જરા જુદી રીતે આ બાળક વિચારતો હતો.

હંમેશા આપણે પણ આપણું ધ્યેય અને લક્ષ્ય ઊંચું જ રાખીએ. બીજાઓ કરતા આપણા વિચારો જુદા અને ઊચ્ચ પ્રકારના હોવા જોઇએ. ફંડા એ છે કે આપણે કામ એવું કરીએ કે નામ થઇ જાય અને નામ એવું બને કે નામ લેતા જ કામ થઇ જાય. પેલા બાળકનું દૃષ્ટાન્ત આપણને પણ જીવનમાં ક્યાંકને ક્યાંક જોવા અને અનુભવવા મળતું હોય છે. વંચિતને મદદની કાંખઘોડી (બૈસાખી) આપવાના બદલે એને પગભર બની શકે એ દિશામાં વાળવો એ જ શ્રેષ્ઠ ઉપાય છે. વાત સમય અને જીવનની કરીએ તો પડકારોનો સામનો જીવનને વધુ સુંદર બનાવી શકે છે અને જીવનને વધુમાં વધુ સુંદર બનાવવા માટે આપણે સતત સમયનો સદુપયોગ કરીએ.

બધી હૈ સબ કે હાથ મેં ઘડિયાં મગર,
પકડ મેં એક ભી લમ્હા નહીં...!

જીવનમાં ટાઇમ મેનેજમેન્ટ માટે અલાયદું મહત્વ છે. ઘડિયાળ તો બધા કાંડે બાંધતા હોય છે, પણ સમયને ક્યારેય બાંધી શકાતો નથી. આપણા હાથમાંથી સમય જતો રહે પછી આપણા હાથની વાત રહેતી નથી. સમય ટ્રેન જેવો છે, વિમાની ફ્લાઇટ જેવો છે. એની સાથે તાલ મેળવવો પડે. એના સમયપત્રક "માણે આપણે ચાલવું પડે. જો એમ ના થાય તો એ ચાલી ગયા પછી પાછા બોલાવી શકાય નહીં. વીતેલા સમયને પાછો બોલાવી શકાતો નથી. દરેક વ્યક્તિના જીવનમાં પોતાનો આગવો ભૂતકાળ સંગ્રહાયેલો હોય છે. દરેકને બાળપણ યાદ આવે. વો કાગઝ કી કશ્તી, વો બારીસ કા પાની. પરંતુ આપણે ખરેખર બાળપણના દિવસોમાં પાછા ફરી શકતા નથી.

સમયની ચિંતા કરવી પડે. આપણે આપણા ભવિષ્યના આયોજન પ્રત્યે સચેત અને જાગૃત હોઇએ તો ભવિષ્યની જિંદગી જીવવામાં અને જીતવામાં વાંધો આવતો નથી. પરંતુ ભવિષ્યનું આગોતરું આયોજન ન કર્યું હોય તો જીવનનો ઉત્તરાર્ધ કઠિન પણ બની જતો હોય છે. ચીનમાં એક કહેવત છે કે "જો તમે એક વર્ષનું આયોજન કરવા માગતા હોવ તો અનાજ વાવો, દસ વર્ષનું આયોજન કરવા માગતા હોવ તો આંબા વાવો. પરંતુ જો તમે વર્ષોનું - સદીઓનું આયોજન કરવા માગતા હોવ તો તમે માણસ વાવો."

ખેતીવાડી વાર્ષિક પાક આપે અને હવે તો એક જ વર્ષમાં સિંચાઇ - પિયત વગેરે સગવડ હોય તો વધુમાં વધુ ચાર પાક પણ લઇ શકાય. આંબો વાવો એ પછી આઠ-દસ વર્ષો ફાયદો જ ફાયદો. પરંતુ "માણસ વાવો..." એટલે? તમારાં સંતાનો - નવી પેઢી - સંબંધોનું મેનેજમેન્ટ. નવી પેઢી વધુ તેજતર્રાર, હોંશિયાર અને ઊચ્ચ કક્ષાની કેરિઅરમાં સામેલ થઇને પરિવાર, સમાજ, દેશ માટે પ્રદાન આપે એ પણ સમયનું અને સંબંધનું મેનેજમેન્ટ છે. એમાં પણ સમય પસાર થઇ ગયા પછી આપણે કશું નથી કરી શકતા. ચીનની વાત વ્યાપક અર્થમાં જોવામાં આવે તો ચીને માનવસંપદા ઉપર વધુમાં વધુ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. ચીનની પ્રજાનો પ્રત્યેક હાથ દેશના વિકાસમાં અને વિકાસદરમાં સીધો ભાગીદાર અને જવાબદાર બને છે. ચીન વસતીને વિકાસમાં પલટાવી શકે છે. ચીનની શક્તિ - તાકાત એની વસતી છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)